# આજે હિંમતનગર ખાતે પ્રજાસત્તાક પર્વ ઉજવાશે

## પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ યુવા સંમેલનને સંબોધન કર્યું : જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ

હિંમતનગર, તા. ૨૫

રાષ્ટ્રના ૬૫માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આવતીકાલે સાંબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે સાંબરકાંઠાના હિમતનગર ખાતે યોજાશે. હિંમતનગરના બેરણા રોડ કાંકણોલ ગ્રાઉન્ડ ખાતે થનારી પ્રજાસત્તાક પર્વના દબદબાભેર ઉજવણીમાં રાજ્યપાલ ડો. કમલા સવારે નવ વાગ્યે જનમેદનીની હાજરી વચ્ચે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવશે અને પરેડની સલામી લેશે. આ પ્રસંગે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ ખાસ હાજર રહેશે.

પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ આજે હિંમતનગર ખાતે યોજાયેલા યુવા સંમેલનને સંબોધતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે દેશના યુવાનોને સામર્થ્યવાન અને કૌશલ્યવાન બનાવવામાં આવે તો ભારત વિશ્વમાં શક્તિશાળી રાષ્ટ્ર બનશે. વિવેકાનંદના ૧૫૦માં વર્ષની ઉજવણી યુવા વર્ષ તરીકે મનાવી ગુજરાતે યુવાનોને કૌશલ્યવાન અને શક્તિવાન બનાવવા જે અભિયાન ઉપાડ્યું તેની સફળતાનો ઉલ્લેખ કરી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, વિવેકાનંદે ભારત માતાને જગદગુરૂ પદે સ્થાપવા દેશના યુવાનો ઉપર મુકેલા વિશ્વાસ યુવાનોએ સાર્થક કરવાનો છે. સાબરકાંઠામાં પ્રજાસત્તાક પ્રવની રાજ્યકક્ષાની ઉજવણીમાં આનંદ-ઉત્સવના હિલોળે ચડેલી જનતા જનતાર્દનના અપૂર્વ સહભાગી બનેલા નરેન્દ્ર મોદીએ હિંમતનગરમાં યુવા વર્ગને સામર્થ્યવાન અને કૌશલ્યવાન બનાવવા પ્રેરણાદાયી દિશાસૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું. એક ભારત શ્રેષ્ઠ ભારતની વિશાળ સાંસ્કૃતિક વિરાસતની પ્રસ્તુતિ યુવાનો કરી તેની પ્રસંશા કરતા મોદીએ જણાવ્યું કે, ૨૧મી સદીના આરંભ પૂર્વે તો દેશ અને દુનિયામાં સહુ ૨૧મી સદીના આગમનની રાહ જોતા હતા પરંતુ ૨૧મી સદી આવે તો શું કર્તવ્ય કરવું તે માટે ચેતના કોઈ વ્યક્તિ, સમુહ, સમાજ, રાજ્ય કે દેશમાં હોવી જોઈએ તેનું કોઈ પાસે દર્શન નહોતું. ભારતનો નવજુવાન ક્યાં હશે તેનું કોઈ આયોજન પણ નહોતું. ૨૧મી સદીમાં ભારત ૬૫ ટકા યુવાશક્તિ સાથે વિશ્વનો સૌથી યુવાન દેશ બની ગયેલો છે. તેની ભુમિકા આપતાં નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ૧૯-૨૦મી સદીના ગુલામીકાળના કારણે ભારત ઔદ્યોગિક ક્રાંતિનું હિસ્સેદાર નહોતું બની શક્યું પણ ઈન્ફર્મેશન ટેકનોલોજીની ક્રાંતિમાં ભારતના યુવાનોએ પોતાનું સામર્થ્ય દુનિયાને બતાવ્યું છે. ભારતના સામર્થ્યવાન યુવાનો જ ભારતના ભાગ્યવિધાતા કેમ ના બને ? સાબરકાંઠા જિલ્લામાં રૂા. ૨૦૦૦ કરોડના કામો આ પર્વમાં વિકાસપર્વ તરીકે સંપન્ન થયા એમાં જનશક્તિ જોડાઈ તે આ સરકારની વિકાસયાત્રામાં કેટલો અપાર જનવિશ્વાસ છે તે હકીકત પુરાવાર થાય છે તેમ જેમણે જણાવ્યું હતું. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં ભારત યુવા દેશ છે ત્યારે ગુજરાતના યુવાનો ઓજસ્વી-તેજસ્વી બને તે માટે સરકાર સંકલ્પબધ્ધ છે. રાજ્ય સરકારે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મયજયંતિને યુવા વર્ષ તરીકે ઉજવી રાજ્યમાં ૪.૫૩ લાખ યુવાનોને રોજગારી આપવામાં આવી છે. આ પ્રસંગે યુવા કલાકારોએ એક ભારત શ્રેષ્ઠ ભારત સ્પતધારા સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પોતાની કલાના ઓજસ પાથર્યા હતા. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના વિકાસની ઝાંખી કરાવતી દસ્તાવેજ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કાયદા રાજ્યમંત્રી, પ્રદિપસિંહ જાડેજા, સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી પ્રફુલ પટેલ, જયસિંહ ચૌહાણ, મુખ્ય સચિવ ડો. વરેશ સિંહા, જિલ્લા પંચાયત પ્રમુખ હેમલતાબેન પટેલ નગરપાલિકા પ્રમુખ શંકરભાઈ તથા ઉચ્ચ અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં યુવા શક્તિ ઉપસ્થિત રહી હતી.



'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે? અને રામ રાખે તેને કોણ ચાખે?' આ બંને ઉકિતને સમર્થન આપતો એક જીવલેણ અકસ્માત તલોદ તાલુકાના સલાટપુર બદામકંપા રોડ માર્ગ પર બની ગયો. બોલેરો જીપ ગાડી અને ટ્રકની ટકકરથી થયેલા અકસ્માતમાં જીપનો ચાલક ઘટના સ્થળે કાળનો કોળિયો બની ગયો હતો. તેની પત્ની અતિ ભારે ઈજાઓનો ભોગ બનતાં હોસ્પિટલના બિચાને જીવન મરણનો સંગ્રામ ખેલી રહી છે. ૫૦ વર્ષની વયના એક પુરુષના હાથના ભાગે ફેકચર સહિતની ઈજાઓપહોંચી હતી. જયારે દોઢ વર્ષના માસુમ બાળકનો આબાદ બચાવ થવા પામ્યો હતો. વહેલી સવારના અંધકારમાં થયેલા આ અકસ્માતમાં ગાડીના ચાલક કિશનનો જીવન દિપ બુઝાઈ જતાં જાણે કે રાજસ્થાન સ્થિત એક ગરીબ પરિવારનો આખો માળો વિખરાઈ ગયો હતો. અકસ્માતનો દશ્યો તસવીરમાં દશ્યમાન છે. (તસવીર : જીતુ ત્રિવેદી, તલોદ)

# ચિક્કાર દારૂ ઢીંચીને બેફામ બસ ચલાવતો ડ્રાઈવર ઝડપાયો..!

## સાબરમતીથી કોબા પહોંચતા ચાર જગ્યાએ અકસ્માત થતા રહી ગયો..! : એક કાર ચાલકે કંટ્રોલમાં જાણ કરતા પોલીસે કોબા રોડ પર બસ ઉભી રખાવી તપાસ કરી તો પીધેલો નીકળ્યો

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદથી ગાંધીનગર તરફ આવી રહેલી એસ.ટી. બસની ગતિ બેફામ અને ભયજનક જોઈને એક જાગૃત કાર ચાલકે પોલીસ કંટ્રોલમાં ફોન કરી તે બસનો નંબર લખાવ્યો. સે. ૭ પોલીસે કોબા રોડ પર બસ આંતરીને તપાસ કરી તો આ બસનો ડ્રાઈવર ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં હતો. સેંકડો મુસાફરોની જીંદગી લઈને ફરતો ડ્રાઈવર નશામાં બસ ચલાવતા પકડાતા મુસાફરો પણ ચિંતાતુર થઈ ગયા હતા. પોલીસે ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદના સાબરમતીથી વિસત થઈને કોબા રોડ પર એસ.ટી. બસ નં. જીજે૧૮-વાય-૯૨૦૦ પસાર થઈ રહી હતી. આ બસની પાછળ એક કારચાલક હતો. તેમણે જોયું કે બસ બેફામ ગતિએ અને અત્યંત જોખમી રીતે જઈ રહી હતી. રસ્તામાં ચાર સ્થળોએ અકસ્માત થતા રહી ગયો હતો. પાછળ આવી રહેલા કારચાલકને શંકા જતા તેમણે ગાંધીનગર પોલીસ કંટ્રોલને બસ નંબર આપીને તેના શંકાસ્પદ ડ્રાઈવીંગ વિશે જાણ કરી હતી. કોબા રોડ પર બસને પીસીઆર વાને ઉભી રખાવી ડ્રાઈવરને ઉતારીને પોલીસે તપાસ કરી તો કપડવંજનો ડ્રાઈવર નિલેશ જયંતિભાઈ બ્રહ્મભટ્ટ દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તેની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસ.ટી. બસના ડ્રાઈવરો કે જેમના હાથમાં મુસાફરોના જીવ હોય છે. તે જ આટલા બેદરકાર બની જશે તો પબ્લીક ટ્રાન્સપોર્ટ પરથી મુસાફરોને વિશ્વાસ ઉઠી જશે.



શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજા ખાતે ૬૫મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી શાળાના પટાંગણમાં કરવામાં આવશે. વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં દિલ્હીના લાલ કિલ્લાની આબેહૂબ કૃતિ બનાવવામાં આવી છે. જે આકર્ષણનું કેન્દ્ર બની છે. વિદ્યાર્થીઓ દ્વારા કોઈપણ જાતના ખર્ચ વિના ચિકણી માટી અને ઈંટોની મદદથી લાલ કિલ્લાની કૃતિ બનાવવામાં આવી છે. (તસવીર : આર.એચ. પ્રજાપતિ)

# જીપીપીના નવા પ્રદેશ પ્રમુખ તરીકે ઝડફીયાની નિમણૂંક

ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખપદેથી કેશુભાઈ પટેલે આજે રાજીનામું આપતા નવા પ્રમુખ પક્ષના મહામંત્રી ગોરધન ઝડફીયાની નિયુક્તિ કરવામાં આવી હતી. જીપીપીના આજે ગાંધીનગરના સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે મળેલી પ્રદેશ કારોબારીની બેઠકમાં કેશુભાઈ પેટલે પ્રમુખપદેથી પોતાનું રાજીનામુ આપવાની જાહેર કર્યા બાદ નવા પ્રમુખ તરીકે અનેક વાદ વિવાદ વચ્ચે ગોરધન ઝડફીયાના નામની જાહેરાત કરવામાં આવી હતી. આ બેઠકમાં ગોરધન ઝડફીયા સામે કેટલાંક આગેવાનોએ વાંધો ઉઠાવી પ્રમુખ તરીકે અન્ય નામો પણ સૂચવ્યા હતા પંરતુ કેશુભાઈ પટેલે સમગ્ર મામલો થાળે પાડી ગોરધન ઝડફીયાને પક્ષના પ્રમુખ તરીકે જાહેર કર્યા હતા અને પોતે પક્ષના માર્ગદર્શન તરીકે સેવા રહેશે તેવી ખાતરી આપી હતી. જીપીપીના પ્રદેશ કારોબારીની આ બેઠકમાં સુરેશ મહેતા, ફકીર ચૌહાણ, વિક્રમ પટેલ, એ.કે. પટેલ, શ્રીકાંત પટેલ, જયસુખ ખુંટ રશ્મીન કાચા વગેરે હાજર રહ્યા હતા.

ગજાનંદ સેવા સમિતિ દ્વારા

# શામળાજીના અંતરિયાળ ગામોની શાળાઓમાં આરોગ્ય તપાસ કરાઈ

## આરોગ્ય તપાસ ઉપરાંત દવાઓ, કપડાં અને વાસણઓનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૫





ગાંધીનગરની સેવાભાવી સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના અંતરિયાળ ગામોના વનવાસી લોકોના બાળકોને શાળા આરોગ્ય કાર્યક્રમમાં સમાવી આશરે ૫૨૬ જેટલા બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. આ વિસ્તારની ૬ શાળાઓનો આ કાર્યક્રમમાં સમાવેશ કરી લેવામાં આવ્યો હતો.

શામળાજી વિસ્તારના અંતરિયાળ ગામોની શાળાઓમાં આરોગ્ય તપાસ માટે ગાંધીનગરના ડૉ. ચિતાણીયા, ડૉ. બોવાણી અને ડૉ. સુવિણાબેને તેમની સેવાઓ આપી હતી. અસાલ, સુરપુર, વજાપુર, કુસ્કી, અસાલ આશ્રમ અને ખારી માધ્યમિક જેવી સરકારી શાળાઓના બાળકોની આરોગ્ય તપાસ કરાઈ હતી. જેમાં જરૂરિયાત પ્રમાણે દવાઓ પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત ખારી માધ્યમિક શાળાના ૧૭૦ વિદ્યાર્થીઓને પેન્ટ-શર્ટ તેમજ પ્રાથમિક શાળાના ૧૪૦ વિદ્યાર્થીઓને ચડીઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

ગજાનન સેવા સમિતિએ અસાલ માધ્યમિક શાળાના બાળકોને ૧૨૦ નંગ ચોપડા તેમજ કુસ્કી છાપરાના તમામ બાળકોને સ્ટીલની ડીશ, ચીકીના બોક્સ તેમજ ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ક્ષણિક પ્રેમ ખાતર ત્રિરંગાનું અપમાન ન કરવું જોઈએ : સંસ્કાર ગૃપ

ગાંધીનગર, તા. ૨૫

વિજયી વિશ્વ તિરંગા પ્યારા... ઝંડા ઉંચા રહે હમારા... પણ શું આ તિરંગાનું માન-સન્માન જળવાય છે ખરૂ ? દેશમાં, રાજ્યમાં અને શહેરમાં ૨૬મી જાન્યુઆરી અને ૧૫ ઓગષ્ટના રોજ દેશમાં આ બન્ને દિવસ ધામધૂમપૂર્વક મનાવવામાં આવે છે અને આ દિવસે દરેક નાગરિકના હાથમાં તિરંગો હોય છે. તે તિરંગાનું સન્માન જાળવવું જોઈએ તેવી અપીલ સંસ્કાર ગ્રૂપ દ્વારા કરવામાં આવી છે.

વ્યક્તિ ગરીબ હોય કે અમીર વેપારી હોય કે કર્મચારી દરેક વ્યક્તિને દેશ પ્રત્યે પ્રેમ હોય છે. અને આ પ્રેમ બતાવવા માટે નાગરિકો ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઓગષ્ટના રોજ રોડ ઉપર ફેરીયા દ્વારા વેચવામાં આવતા તિરંગા ખરીદી લઈને પોતાની ઓફિસ, બાઈક, કાર કે ઘર પર લગાવતા હોય છે અને બીજા દિવસે આજ રાષ્ટ્રધ્વજ કચરાપેટી, રસ્તા ઉપર કે રખડતા ઢોરના મોઢામાં દેખાય છે. જે ખરેખર દુઃખદ બાબત છે.

ત્યારે શહેરની સંસ્કાર ગૃપના તુષાર દવે અને ધવલ પ્રજાપતિએ શહેરના નાગરિકોને અપીલ કરી છે કે દેશના રાષ્ટ્રધ્વજને સન્માનપૂર્વક ઉઠાવીને ખાડો ખોદી તેને દાટવામાં આવે. તેમજ તેમણે એમ પણ જણાવ્યું હતું કે દેશના દરેક નાગરિકે રાષ્ટ્ર ધ્વજને સલામી આપવી જોઈએ.



ડીસા ઢુવા રોડ પર આવેલ જોગણી માતાના મંદિરે ડીસા શહેર લોધા સમાજ દ્વારા સંત મેળાવડાનું ભવ્ય આયોજન કરાયું હતું. ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારથી ઢુવા તરફ જતા રોડમાં લોધા સમાજ સંચાલિત જોગણી માતાજીનું મંદિર આવેલું છે. જયાં શનિવારની રાતે સંત મેળાવડાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત દેવ દરબાર ઓગડનાથના મહંતશ્રી બળદેવગીરી મહારાજનું સામૈયું કરી વિશેષ સ્વાગત કરાયું હતું. સાંજે સંત મેળાવડામાં સંતો મહંતોએ મોડી રાત સુધી ભજનોની રમઝટ બોલાવી હતી. લોધા સમાજના પ્રમુખ રામસીંગજી છોટુભાઈ લોધાએ મહંતનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રમેશભાઈ લોધા, ભગવાનભાઈ અંબાલાલ લોધા, કિશનભાઈ માનસિંગભાઈ લોધા, તુલાઈસિંહ દેવીસિંહ લોધા (ઉપપ્રમુખ) સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કાન્તિલાલ લોધા)

## 'બંધારણ બચાવો, દેશ બચાવો' વિષય પર આજે પ્રવચન

ગાંધીનગરના અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે તા. ૨૬મી જાન્યુઆરીએ બપોરે ૪ વાગે સે. ૧૨ના ડૉ. આંબેડકર હોલ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં 'બંધારણ બચાવો દેશ બચાવો' વિષય પર આમંત્રિત મહેમાન નાયબ સચિવ આર.ટી. વાઘેલા અને બાયસેફના વરિષ્ઠ કાર્યકર મહેન્દ્ર સોલંકી તેમનું પ્રવચન આપશે.

## આજે સે. ૨-ડીના હરિપાર્ક પરીવારનો રમતોત્સવ

ગાંધીનગરના સે. ૨-ડીના હરીપાર્ક પરીવાર દ્વારા આવતીકાલે પ્રજાસત્તાક દિન નિમિત્તે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. હરીપાર્ક પરીવારના સભ્યોમાં દેશભાવના ઉજાગર રહે તે હેતુથી આ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ માટે હરિપાર્ક પરીવારના પ્રમુખ જશુભાઈ પટેલ અને વંશ એક્ષપોર્ટ પ્રા.લિ.ના ચેરમેન અનિલભાઈ મેવાડાના આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલા છે.

# પ્રજાસત્તાક દિન નિમિત્તે મોડાસાની લઘુમતિ શાળાના બાળકોએ પ્રભાતફેરી કાઢી

મોડાસા, તા. ૨૫

નવનિર્મિત અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખાતે ૬૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે આજે સવારે શહેરની લઘુમતી પ્રાથમિક શાળાઓ દ્વારા પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. આ પ્રભાતફેરીમાં બાળકો દ્વારા વિવિધ ઉપદેશાત્મક સુત્રોના હેન્ડબેનર્સ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આ વર્ષે ૬૫મા પ્રજાસત્તાક દિની ઉજવણી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે મોડાસા ખાતે જિલ્લા સેવા સદનના મેદાનમાં યોજાનાર છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ ઉજવણીના ભાગરૂપે મોડાસાની લઘુમતિ પ્રાથમિક શાળાઓ જેવી કે સીમનાની પ્રાથમિક શાળા, ગૌષિયા પ્રાથમિક શાળા અને એફ.યુ.મલેક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એક પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રભાતફેરી 'બેટી બચાવો, દેશ બચાવો,' 'જળ બચાવો જીવન બચાવો' જેવા ઉપદેશાત્મક સૂત્રો લખેલા હેન્ડ બેનર્સ સાથે મોડાસાના જાહેર માર્ગો પર ફરી હતી. આ રેલીમાં સીમનાની એજ્યુકેશનના પ્રમુખ હાજી ઐયુબઅલી સૈયદ, સેક્રેટરી કાદરઅલી સૈયદ, આચાર્ય મોહમદયુનુસ ચૌહાણ, ગૌષિયા પ્રાથમિક શાળાના આચાર્ય રસીદાબેન સુથાર, એફ.યુ. મલેક શાળાના પ્રમુખ ગુલામ રસુલ મલેક અને આચાર્ય મોહમદ રફીક શેખ તથા દરેક શાળાના શિક્ષક ગણ જોડાયા હતા. આ પ્રભાતફેરીમાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## સમાચાર ઝલક

- મુંબઇ-ગાઝીયાબાદમાં સાઇબર ગુના માટે અમેરિકન ગુપ્તચર તંત્રની ચેતવણી બાદ દરોડા.
- પ્રજાસત્તાક દિન નિમિત્તે પરેડના મુખ્ય અતિથિ જાપાનના વડાપ્રધાન હશે.
- સિરીયામાં પ્રજા અને સરકાર સીધા વાટાઘાટા માટે તૈયાર.
- પોસ્ટ ખાતુ પોતાના એ.ટી.એમ. પાંચમી ફેબ્રુઆરીથી શરૂ કરશે.
- દિલ્હી સરકાર નવું લોકપાલ બીલ રામલીલા મેદાનમાં પાસ કરાવશે : કેજરીવાલ.
- અમિતાભ બચ્ચને સુરતની મુલાકાત લીધી.
- ગુજરાતમાંથી લુપ્ત થતાં ગીધ પક્ષીઓ.
- ભારતીય સેના દ્વારા ૨૭મી જાન્યુઆરીએ પાટણમાં ભરતી મેળો યોજાશે.
- 'ભાગ મિલ્ખા ભાગ' ફિલ્મને ૨૦૧૩નો ફિલ્મફેર એવોર્ડ મળ્યો.
- ભારત વન-ડે રેન્કીંગમાં ફરી પ્રથમ નંબરે પહોંચ્યું.
- ફોબર્સની ૧૦૦ કંપની યાદીમાં ભારતની ૮ કંપનીઓનો સમાવેશ.
- પરિવર્તન પાર્ટીના અગ્રણી ગોરધન ઝડફીયાનું પાકીટ ચોરાયું.
- વીજભાવ ઘટાડવા મુદ્દે અનશન પર ઉતરેલા કોંગ્રેસી સાંસદ સંજય નિરૂપમે રીલાયન્સ ઓફીસ સામે આત્મદાહની ધમકી આપી.
- સૂરતમાં ટેક્સટાઇલ પાર્કનું ઉદ્‌ઘાટન, ૩૫૦૦ને રોજગારી મળશે.
- દિલ્હીમાં ગણતંત્ર દિવસમાં ઉજવણીમાં પણ આમઆદમી પાર્ટીનો રાજકીય રંગ
- નૈનીતાલ, અમૃતસર, શિમલામાં ઠંડીનો પ્રકોપ ચાલુ.
- પાનકાર્ડ મેળવવા માટે ૩જી ફેબ્રુઆરીથી સરળ પદ્ધતિ અમલી બનશે.
- પરીવર્તન પાર્ટીનાં પ્રમુખ પદેથી કેશુભાઇ પટેલે રાજીનામું આપ્યું.
- પાટણમાં રાણકી વાવમાં સંગીત સંધ્યા ઉજવાઇ.